Research Review ISSN: 2321- 4708
The Refereed & Peer Review International Journal Jan. 2021, Year - 7 (93)
www.researchreviewonline.com Paper ID: RRJ570076

# આધુનિક કવિઓ

સંશોધક
ડૉ. ક્રિશ્ના કે. સાંડપા
મદદનિશ પ્રાધ્યાપક,
ગુજરાતી વિભાગ
ડી. એન. પી. આર્ટસ અને કોમર્સ કોલેજ, ડીસા

---

સૌથી વધુ સંવેદનશીલ સ્વરૂપ 'કવિતાનું' છે. ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાનો પ્રવેશ કવિતા દ્વારા થયો. નર્મદથી નિરંજન ભગત સુધીની કવિતાની તપાસે બતાવી આપ્યું છે કે છેલ્લાં દોઢસો વર્ષ દરમ્યાન અનુભૂતિ અને અભિવ્યકિતત પરત્વે ગુજરાતી કવિતામાં જોવા મળે છે. તેટલાં વળાંક બીજા કોઈ સાહિત્ય પ્રકારમાં જોવા મળતાં નથી.

ડિસેમ્બર ૧૯૬૫, ગુજરાતી સાહિત્ય પરિષદ–સૂરત ખાતે ભરાયેલા ત્રેવીસમાં અધિવેશનમાં 'આજની જાગતિક ચેતના અને સર્જક કલાકાર'– એ વિષયના પરિસંવાદનો આરોપ કરતાં ઉમાશંકરે ગુજરાતનાં અદ્યતન સાહિત્યપ્રવાહના અનુલક્ષમાં કહ્યું હતું કે,''યંત્રયુગની ભીંસની વચ્ચે વિશ્વના નાગરિકો તરીકે આપણે જીવીએ છીએ તેની સચોટ પ્રતીતિ આપણે કરાવી શકતયા છીએ. કલાકારો સમાજના અગ્રયાયી છે. આજની કારમી વેદના ઉપજાવતી પરિસ્થિતિમાં આપણું હૃદય વિશ્વના ચૈતન્ય સાથે ધબકે છે.'' – વળી તેમણે 'હું' નો અવાજ એટલે 'અહં' નહીં પણ 'અંતરાત્મા' એ સ્પષ્ટ કરતાં કવિસહજભાવે કહ્યું હતું કે 'હું' ની સહસ્ત્ર ફણા પર કળાની મોરલીનો અવાજ આવે છે. વિષાદ છે, પણ તે અર્જુનનો વિષાદ–યોગ છે. ઉમાશંકરના વિધાનનો છેલ્લો અંશ અમુક આધુનિકતાવાદી લેખકો ભલે ન સ્વીકારે, પરંતુ તેમનાં આ ઉદ્‌ગારો અદ્યતન કવિતા અને સાહિત્યને સમજવા માટે યોગ્ય અભિગમ પૂરો પાડે છે.

આપણે જોયું કે ઉમાશંકરે પોતે 'છિન્ન ભિન્ન છું' અને 'શોધ' એ કાવ્યોમાં આધુનિક સમયમાં ભીંસાતા માનવીની વેદના સૌ પ્રથમ પ્રગટ કરેલી. કેવળ આ યુગચેતનાને જ કવનવિષય બનાવનાર પહેલા આધુનિક કવિ સુરેશ જોષી છે. ૧૯૬૫થી તે કશુંક નૂતન પ્રગટ કરવાની મથામણ કરી રહ્યા હતા. એ જ વર્ષમાં પ્રગટ થયેલા ' ઉપજાતિ' નામના કાવ્યસંગ્રહમાં તેઓ આ વિષાદપૂર્ણ સંવેદના વ્યકતત કરે છે.

આધુનિક ગુજરાતી સાહિત્યનાં વિવિધ સ્વરૂપો જેવાં કે..... કવિતા, નવલકથા, ટૂંકીવાર્તા, નાટક, નિબંધ અને વિવેચનમાં સંખ્યા અને ગુણવત્તા ઉભય દષ્ટિએ સંતોષકારક કાર્ય થયેલું છે. આ બધા સ્વરૂપોમાં કવિતા સાહિત્ય સ્વરૂપમાં આધુનિકતાનું વર્ણન વિશેષ જોવા મળે છે. આથી, આધુનિક કવિતાસંગ્રહ અને કવિઓ વિશે જોઈએ.

આધુનિકતાનો સ્વર પૂર્ણ સ્વરૂપમાં સુરેશ જોષીની કવિતામાં પ્રગટે તે પૂર્વે અથવા તે ગાળામાં કૃષ્ણલાલ શ્રીધરાણી, હરિશ્ચંદ્ર ભટ્ટ, નિરંજન ભગત, પ્રિયકાન્ત મણિયાર, હસમુખ પાઠક, નલિન રાવળ..... આદિ કવિઓની કવિતામાં મનુષ્યજીવનના આ તરડાયેલા લયનું, નિર્ભ્રાન્તિનું નિરૂપણ સાચો ભાવોન્મેષ પ્રગટાવી શકતયું હતું. એ આપણે નોંધવું જરૂરી છે.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-93-january-2021/RRJ570076

સમયની દષ્ટિએ નહીં પરંતુ કાવ્યમાં જોવા મળતી મનુષ્યની વેદનાની ભાષા એ આધુનિક કવિતાનું આગવું લક્ષણ છે. એ દષ્ટિએ જોતા રાજેન્દ્ર શાહની કવિતામાં પણ આધુનિકતાની છાંટ જોવા મળે છે. સૌંદર્યના કવિ કહેવાતા રાજેન્દ્ર શાહ પાસેથી આપણને 'ધ્વનિ' (૧૯૫૧), 'આંદોલન' (૧૯૫૧), 'શ્રુતિ' (૧૯૫૭), 'મોરપીંછ' (૧૯૬૦),'શાંત કોલાહલ' (૧૯૬૧), 'ચિત્રણા' (૧૯૬૭), 'વિષાદને સાદ' (૧૯૬૮), 'ક્ષણ જે ચિરંતન' (૧૯૬૮), 'મધ્યમા' (૧૯૭૭), 'ઉદ્‌ગીતિ' (૧૯૭૮), 'ઈક્ષિણા' (૧૯૭૯), 'પત્રલેખા' (૧૯૮૧), 'પ્રસંગ સપ્તક' (૧૯૮૨), 'કિંજલ્કિની' (૧૯૮૩), 'વિભાવના' (૧૯૮૩), 'દ્વાસુપર્ણા' (૧૯૮૩), 'ચંદનભીની અનામિકા' (૧૯૮૭), 'પંચવર્વા' (૧૯૮૭),'નીલાગ્જન' (૧૯૮૯), 'આરણ્યક' (૧૯૯૨), 'વિરહમાધુરી' (૧૯૯૮), 'સ્મૃતિસંવેદના' (૧૯૯૮)......'સંકલિત કવિતા' (૧૯૮૩) એમ ૨૧ કાવ્યસંગ્રહો પ્રગટ થયાં છે. ગીતો, છંદબદ્ધ કાવ્યો, અછાંદસ કાવ્યો, સંવાદકાવ્યો વગેરે પ્રકારનાં કાવ્યો જોવા મળે છે. કવિતાના કેટલાક સનાતન વિષયો આલેખાયા છે. વતન અને તેની આસપાસનાં સ્થળો એમની કવિતાનો વિષય બનીને આવે છે.

નિરંજન ભગત પાસેથી આપણને ૧૯૫૦માં 'કિન્નરી' (૧૯૫૩), 'અલ્પવિરામ' (૧૯૪૯), 'છંદોલય' (૧૯૫૪) માં અગાઉના ત્રણે સંગ્રહમાંથી પસંદ કરેલા કાવ્યો ઉપરાંત મહાનગર મુંબઈ વિષયક તેમની પ્રવાલદ્વીપ રચનાઓ સાથે 'છંદોલય' (૧૯૫૮)માં ને '૩૩ કાવ્યો' નામે કાવ્યસંગ્રહ પ્રગટ થયા છે. ૧૯૭૪માં 'છંદોલય બૃહત' – બધાં કાવ્યો એક સાથે આ સંગ્રહમાં જોવા મળે છે. તેમની કવિતા 'મુંબઈ નગરી', 'સંસ્મૃતિ', 'નવા આંક', 'આધુનિક અરણ્ય', 'ફાઉન્ટનના બસસ્ટોપ પર ચર્ચગેટથી લોકલમાં, 'ગાયત્રી'...... વગેરે કાવ્યોમાં આધુનિકરણના દર્શન થતાં જોવા મળે છે.

આધુનિકતાના હિમાયતી સુરેશ હ. જોષી પાસેથી ૧૯૫૬માં 'ઉપજાતિ' ૧૯૬૧ 'પ્રત્યંચા' કાવ્યસંગ્રહ દ્વારા પુનઃ પ્રવેશ કરવાનું મુનાસિબ માન્યું અને પૂર્વ 'ઉપજાતિ', કાવ્યસંગ્રહ રદ કરવો એવા ઉલ્લેખ મળે છે. ત્યારબાદ 'ઈતરા' કાવ્યસંગ્રહ આપ્યો. 'ચાર વિડંબના', 'સૂર્યા', 'કવિનું વસિયતનામું', 'મૃણાલ કાવ્યો'....... વગેરે કાવ્યો આધુનિકતાના દર્શન કરાવતા ઉત્તમ કાવ્યો છે.

ગુલામ મોહમ્મદ શેખએ સુરેશ જોશીના સમકાલીન અને ચિત્રકલાક્ષેત્ર આધુનિકતાના ઉપાસક એવા સર્જક પાસેથી ઈ.સ.૧૯૬૨–૬૩ના અરસામાં 'ક્ષિતિજ', 'વિશ્વમાન'માં કેટલાંક કાવ્યો આપે છે. 'કબ્રસ્તાન', 'જેસલમેર' વિષયક કાવ્યો 'મૃત્યું', 'અંધકાર અને હું', 'કવિ'...... વગેરે કાવ્યો કોઈકને કોઈક પ્રકારના સર્જન વિશેષથી નોંધપાત્ર બન્યાં છે. શેખની કવિતામાં આદિમ સંવેદનાઓ થકી ભાષાની અભિવ્યકિતત ક્ષમતાપૂર્વક પ્રગટે છે.

લાભશંકર જાદવજી ઠાકર 'રે' મઠના પ્રણેતા અને 'આકંઠ સાબરમતી' સાથે સક્રિયપણે સંકળાયેલા આ સમયગાળાના પ્રમુખ સર્જક છે. કવિતા, નાટક, નવલકથા, લલિતનિબંધ, ચરિત્ર, સંસ્મરણો, બાળવાર્તાઓ, વિવેચન એ તમામ ક્ષેત્રે એમણે નોંધપાત્ર કાર્ય કર્યું છે. ૧૯૬૫માં તેમણે પરંપરા અને પ્રયોગશીલતા ઉભયની અભિવ્યકિતત દાખવતાં કાવ્યનો સંગ્રહ 'વહી જતી રમ્ય ઘોષા'–પ્રગટ કર્યો હતો. સંગ્રહની પ્રથમ રચના 'ચાંદરણું' અને સંગ્રહની અંતિમ રચના 'તડકો' અનુક્રમે પરંપરાગત અને પ્રયોગશીલ અભિવ્યકિતતનો અહેસાસ કરાવે છે. 'માણસની વાત', 'મારા નામને દરવાજે', 'બૂમ કાગળમાં કોરાં' અને 'અનુગામી' કાવ્યસંગ્રહોમાં એ બધું પૂરી ગંભીરતાથી આવતું ઊઘડતું જોવા મળે છે. લાભશંકર ઠાકરે કાવ્યક્ષેત્રે વિશેષ પ્રદાન કરેલ છે. તેમની પાસેથી 'વહી જતી રમ્ય ઘોષા' (૧૯૬૫), 'માણસની વાત' (૧૯૬૮), 'મારે નામને દરવાજે' (૧૯૭૨), 'બૂમ કાગળમાં કોરા' (૧૯૭૪), 'પ્રવાહણ' (૧૯૮૬), 'લઘરો' (૧૯૮૭), 'કાલગ્રંથી', (૧૯૮૯), '

ટોળાં અવાજ–ઘોંઘાટ' (૧૯૯૦), 'કલ્પાયન' (૧૯૯૮), 'કિચૂડ કિચૂડ' (૧૯૯૯), 'સમય સમય' (૨૦૦૦), 'હથિયાર વગરનો ઘા' (૨૦૦૦), 'ટેવ' (૨૦૦૧), 'છે પ્રતીક્ષા' (૨૦૦૨), 'આઈ ડોન્ટ નો સર' (૨૦૦૨) 'રમત?' (૨૦૦૩), 'મેં કમિટ કર્યું છે શું?'...... વગેરે વિશાળ સર્જનના દર્શન થાય છે. યંત્રસંસ્કૃતિમાં જીવતો માનવી બુદ્ધિનો ફાંકો રાખીને મુર્ખ અને એવી વિરોધાભાસી સ્થિતિ કવિએ અહીં વર્ણવી છે. અસ્તિત્વવાદી વિચારધારા 'માણસની વાત' કાવ્યસંગ્રહમાં નિરૂપણ પામી છે. 'મારા નામને દરવાજે' કાવ્યસંગ્રહમાં કવિએ સંવિત્તિના કલાઈડોસ્કોપમાં દેખાતાં ક્ષણે ક્ષણે પરિવર્તન પામતાં અસ્તિત્ત્યવને કોરી ખાતાં બહુરંગી સંવેદનોને પ્રગટ કર્યા છે. આમ, લાભશંકરની કવિતામાં આધુનિકતાનું દર્શન થાય છે.

રાવજી પટેલ (૧૯૩૯–૧૯૬૮) – આધુનિકતાના અભિનિવેશ વગર કુદરતી રીતે જ, જો કોઈની કવિતા વેદનામાંથી ગળાઈને આધુનિકતા સુધી પહોંચી હોય તો તે રાવજી પટેલની છે. મરણોત્તર પ્રકાશન પામેલા કવિના એક માત્ર કાવ્યસંગ્રહ 'અંગત'માં ૧૧૮ રચનાઓ પ્રગટ થઈ છે. રાવજીની કવિતામાં તીવ્ર સંવેદન, તિર્યક્વાણી શબ્દગત સઘન અનુભવ વારંવાર પ્રગટ થતાં જોવા મળે છે. જનપદમાં ઉછરેલા અને પછીથી નગરજીવનમાં ગોઠવાવું પડે છે ત્યારે પેલું જનપદ, ખેતર, સીમ, શેઢા..... વગેરે પત્યનો અનુરાગ તો અકબંધ છે. આમ, તેમની કવિતામાં એકલતા, હતાશા, પીડા વગેરે આધુનિક લક્ષણોની છાંટ વર્તાય છે.

રાવજીના સમકાલીન અને રાવજીની જેમ અલ્પ આયુષ્ય ભોગવનારા મણિલાલ દેસાઈ (૧૯૩૯–૧૯૬૬) નો એકમાત્ર કાવ્યસંગ્રહ 'રાનેરી' પ્રગટ થયો છે. રાવજીના અવસાન પછી જેમ કવિ રઘુવીર ચૌધરીએ 'અંગત'નું સંપાદન કરી પ્રકાશિત કરાવી કવિતાના ભાવકોને રાવજીની તમામ કવિતાઓ એકસાથે સંગ્રહરૂપે ઉપલબ્ધ કરાવી આપે તેમ મણિલાલના અવસાન પછી કવિ જયંત પરીખે મણિલાલના કાવ્યો એક જ સંગ્રહમાં ઉપલબ્ધ કરાવી આપ્યાં છે. 'રાનેરી' કાવ્યસંગ્રહમાં ગીત, સોનેટ, અછાંદસ રચનાઓ, ગઝલ અને લઘુકાવ્યો...... વગેરે કાવ્યસ્વરૂપોમાં મણિલાલની કવિતા પ્રગટ થઈ છે. 'અંધારું' આ સંગ્રહનું ઉત્તમ કાવ્ય છે.

ચંદ્રકાન્ત શેઠ (૧૯૩૮) પરંપરા અને પ્રશિષ્ટતાને આત્મસાત્ કરીને સર્જન કરતા આધુનિક ગુજરાતી કવિતા છેલ્લા સાડાચાર દાયકાથી સાહિત્યગાળામાં ધ્યાન ખેંચતી રહી છે. સર્જનકર્મ બાબતમાં તેમની નિસબત અને નિષ્ઠા તેમને આધુનિકોમાં પણ આગલી હરોળના કવિ તરીકે સ્થાપે છે. તેમની પાસેથી આપણને 'પવન રૂપેરી' (૧૯૭૨), ઊઘડતી દીવાલો' (૧૯૭૪), 'પડઘાની પેલે પાર' (૧૯૮૯), 'ગગન ખોલતી બારી' (૧૯૯૦), 'એક ટહુકો પંડમાં' (૧૯૯૬), 'શગે એક ઝળહળીએ' (૧૯૯૯), 'ઊંડાણમાંથી આવે ઊંચાઈમાં લઈ જાય' (૨૦૦૪), 'જળ, વાદળ ને વીજ' (૨૦૦૫)...... વગેરે કાવ્યસંગ્રહો મળે છે. બાળકાવ્યસંગ્રહોમાં તેમની પાસેથી 'ચાંદલિયાની ગાડી', 'હું તો ચાલુ મારી જેમ', 'ઘોડે ચડીને આવું છું' – ત્રણેય ૨૦૦૧માં આપણને મળે છે.

વર્તમાન યુગની મનુષ્યની વેદના આત્મસાત્ કરતાં કરતાં તેમના સહાધ્યાયી મિત્ર લાભશંકર ઠાકરની માફક ચંદ્રકાન્ત તત્ત્વજ્ઞાનનાં સીમાડા સુધી પહોંચી જાય છે. લાભશંકરની જેમ ચંદ્રકાન્ત પણ છાંદસથી આરંભ કરીને છેવટે અછાંદસ સુધી લઈ જાય છે. તેની પાછળ દેખાદેખી નહીં, પણ આંતરિક જરૂરિયાત હતી. સંખ્યાની દષ્ટિએ વિપુલ અને સત્વની દષ્ટિએ પરિપકતવ એમની રચનાઓ સ્વતંત્ર અભ્યાસનો વિષય છે. એમની કવિતામાં જોવા મળતી આધુનિકતા ઊછીની કે ગતાનુગતિક નથી. 'પવન રૂપેરી' એ પ્રથમ કાવ્યસંગ્રહમાં વિષય અને રચનારીતિમાં પરંપરાનું પ્રતિનિધિત્વ કરતી છંદોબદ્ધ રચનાઓ અને ગીતો મળે છે. કવિનું અહીં છંદ–વિષયક કર્મ તેમને ઊંચી કોટીના કવિ તરીકે પ્રતિષ્ઠા અર્પે તેવું છે; પરંતુ તેઓ સતત વિકસતા રહેલા કાવ્યે

કાવ્યે પુનર્જન્મ પામતા કવિ છે. એની પ્રતીતિ આ જ સંગ્રહની પ્રયોગશીલ કાવ્યરચનાઓ જોતાં તુરત જ થાય છે. આ સંગ્રહમાં જ તેમની કવનપ્રવૃત્તિનો વળાંક જોઈ શકાય છે. 'ક– ાં છો ચંદ્રકાન્ત?', 'મન ખવાતું જાય છે', 'શોધ', 'રસ્તો કતયાં છે?', 'ચંદ્રકાન્તનો ભાંગી ભુક્કો કરીએ?..... ઈત્યાદિ કાવ્યો એક કરતાં વધારે કારણોસર શુદ્ધ આધુનિક કવિની મુદ્રા દાખવે છે. કાવ્યમાં વિશ્વની વ્યાપક ચેતના સંદર્ભમાં આત્મવિડંબના સંવેદનને કવિ ઉત્કટતાથી નિરૂપે છે.

સિતાંશુ યશશ્ચંદ્ર મહેતા (૧૯૪૧) એ પરાવાસ્તવિક અનુભૂતિને વ્યકતત કરતી કવિતા લઈને કવિતાની એક નવી ટેક્નિક લઈને ગુજરાતી સાહિત્યમાં સાતમાં દાયકાના અંતે પ્રવેશ કર્યો. પરાવાસ્તવવાદોએ અંગ્રેજી શબ્દ સર્રિયાલિઝમ (Surrealism) નો પર્યાય છે. પરાવાસ્તવવાદના પુરસ્કર્તા ફ્રેન્ચ કવિ આન્દ્રે બ્રેંતો હતાં. કવિ સિતાંશુ યશશ્ચંદ્ર પાસેથી 'ઓડિસ્યુસનું હલેસું' અને 'જટાયું'(૧૯૯૬) – એમ બે કાવ્યસંગ્રહ મળે છે. 'એક સર્રિયલ પુરાણકથા', 'મોંએં–જો–દડો', 'એક સર્રિયલ અકસ્માત', 'ઓડિસ્યુસનું હલેસું', ' જટાયું' અને 'એક સિરરિયલ સફર'......વગેરે પ્રયોગશીલ કાવ્યો છે. પારાવાર વેદનાને વ્યંગ દ્વારા અભિવ્યકતત કરવાની કવિની આ પણ ટેક્નિક છે.

પાદટીપ

1. 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ', રમેશ ત્રિવેદી, પૃ.૩૧૪
2. એજન, પૃ.૩૧૬
3. એજન, પૃ.૩૧૭
4. 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા', ધીરુભાઈ ઠાકર, પૃ.૧૫૦